C.C.No.517 /2025

GJPM020008392025

Presented on : 06-02-2025
Registered on : 06-02-2025
Decided on : 16-04-2026
Duration : 1Y. 2 M. 3 D.

આંક-૨૮

---

ગોધરાના મહેરબાન બીજા એડીશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ :ગોધરા, જિ.પંચમહાલ.

---

:: નમુના -અ ::

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૬/૪/૨૦૨૬ |
| ક્રિ.કેસ નંબર | ૫૧૭/૨૦૨૫ |

:: ગુનાની વિગત ::

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ. ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧, તથા એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબ |
| પ્ર.માહીતી અહેવાલ સંખ્યા | ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૪૨૪૧૧૬૬/૨૪ |
| પોલીસ સ્ટેશન | ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી. શ્રી એમ.આર.ગોસાઇ |
| આરોપી પક્ષ | પ્રકાશકુમાર ઉર્ફે ભયલુ દશરથસિંહ રાઠોડ<br>ઉ.વ.- ૨૬,<br>રહે. વિંજોલ, ગોધરા. |
| રજુઆત | વિ.વકીલ શ્રી ડી.એસ.બારીયા |

:: નમુના -બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯/૧૧/૨૪ |

| | |
|---|---|
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૨૦/૧૧/૨૪ |
| આખરી અહેવાલની તારીખ | |
| તહોમતનામાની તારીખ | ૨૧/૨/૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨/૭/૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬/૪/૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૬/૪/૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | - |

## :: આરોપીની વિગત ::

| આરોપી નો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પ્રકાશકુમાર ઉર્ફે ભયલુ દશરથસિંહ રાઠોડ | ૩૦/૧૧/૨૪ | ૩૦/૧૧/૨૪ | બી.એન.એસ. ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧, તથા એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબ | નિર્દોષ | - | - |

## :: નમુના -ક ::

## ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સ.૧ | ૭ | કશનાભાઇ સોમાભાઇ વણકર | ફરીયાદી |
| ફ.સ.૨ | ૯ | હીતાબેન કશનાભાઇ વણકર | સાહેદ |
| ફ.સ.૩ | ૧૦ | લક્ષ્મણભાઇ ધનાભાઇ વણકર | સાહેદ |
| ફ.સ.૪ | ૧૨ | જશવંતભાઇ પરમાભાઇ વણકર | પંચસાહેદ |
| ફ.સ.૫ | ૧૪ | બીપીનકુમાર વાલજીભાઇ પરમાર | સાહેદ |
| ફ.સ.૬ | ૧૫ | વનીતાબેન રતીલાલ પરમાર | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ફ.સ.૭ | ૧૬ | અરવિંદભાઇ પુંજાભાઇ પરમાર | સાહેદ |
| ફ.સ.૮ | ૧૭ | ડો.ધ્રુવીલ રાજબીહારી ગાંધી | મેડીકલ ઓફીસર |
| ફ.સ.૯ | ૨૪ | રાજેન્દ્રકુમાર બળવંતસિંહ બીલવાળ | તક.અ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | - | - |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૮ | ફરીયાદ |
| ૨. | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩. | ૧૮ | એમ.એલ.સી. |
| ૪. | ૨૫ | સુચિપત્ર |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

D.મટેરીયલ ઓબ્જેકટસ

| અનુક્રમ નં. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વર્ણન |
|---|---|---|
| - | - | - |

::- ચુકાદો ::-

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૯/૧૧/૨૪ ના રોજ કલાક ૨૩-૦૦ વાગે મોજે વિઝોલ ગામની ડેરી પાસે રોડ ઉપર આ કામના ફરીયાદી તથા તેમની પત્ની ગીતાબેન તેમની એકટીવા નં.જી.જે.૧૭ બીડી ૮૦૭૬ ઉપર બેસી ગોધરા થી વિઝોલ ગામે જતા તે દરમ્યાન વિઝોલ ગામની ડેરી પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની ગાડી નં. જી.જે.૧૭ સી ઇ ૦૪૬૬ પુરઝડપે અને

ગફલતભરી રીતે હંકારી લઇ આવી અકસ્માત કરી સાહેદ ગીતાબેનનાઓને માથાના ભાગે ઇજા તેમજ નાકની અંદર ફ્રેકચર તેમજ જમણા હાથના કાંડાના ભાગે તથા જમણા પગના ઢીંચણના નીચેના ભાગે ફ્રેકચર કરી તથા શરીરે નાની મોટી ઇજા કરી તથા ફરીયાદીને સામાન્ય ઇજા પહોંચાડી પોતાનુ વાહન લઇ નાસી જઇ બી.એન.એસ. ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧, તથા એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદીની ફરીયાદનાં આધારે તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ કરતાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સમની ધોરણસરની બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલા છે, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પુરતો સમય આપવામાં આવેલ છે. ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી એ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી નિવેદન લેતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ છે જેથી કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવ્યો.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફ થી ઉપર મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ધ્વારા મૌખિક વિનંતી થી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ બચાવના સાહેદ તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૨ મુજબ પક્ષકારો તરફે દલીલો :

(૫) આ કામે ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, આરોપી સામે તહોમતનામું ફરમાવતા આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુનાનો ઇન્કાર કરેલ હોય, જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવતા ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ હોય, આરોપી શંકા ઉદભવિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, અને ફરીયાદ પક્ષ તેમનો કેસ શંકારહીત પુરવાર કરવામાં સફળ નીવડેલ હોય આરોપીને મહતમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે આ કામે બચાવ પક્ષે તેમના વિ.વકીલ શ્રી જણાવે છે કે, ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની થકી આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, ફરીયાદીએ ખોટી હકીકતો ઉપજાવી ખોટી ફરીયાદ કરેલ હોઇ, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલ કરેલ છે.

બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૩(૧)(બી) પોઇન્ટ ફોર ડિટેરમીનેશન :

(૬) આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત તથા આરોપીના વિ.વકીલ શ્રી ની દલીલો લક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે.

-:: મુદ્દા ::-

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૯/૧૧/૨૪ ના રોજ કલાક ૨૩-૦૦ વાગે મોજે વિઝોલ ગામની ડેરી પાસે રોડ ઉપર આ કામના ફરીયાદી તથા તેમની પત્ની ગીતાબેન તેમની એકટીવા નં.જી.જે.૧૭ બીડી ૮૦૭૬ ઉપર બેસી ગોધરા થી વિઝોલ ગામે જતા તે દરમ્યાન વિઝોલ ગામની ડેરી પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની ગાડી નં. જી.જે.૧૭ સી ઇ ૦૪૬૬

પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી અકસ્માત કરી સાહેદ ગીતાબેનનાઓને માથાના ભાગે ઇજા તેમજ નાકની અંદર ફ્રેકચર તેમજ જમણા હાથના કાંડાના ભાગે તથા જમણા પગના ઢીંચણના નીચેના ભાગે ફ્રેકચર કરી તથા શરીરે નાની મોટી ઇજા કરી તથા ફરીયાદીને સામાન્ય ઇજા પહોંચાડી પોતાનુ વાહન લઇ નાસી જઇ બી.એન.એસ. ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧, તથા એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : નકારમાં

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ.

-// કારણો //-

મુદ્દા નં.૧ ની ચર્ચા :-

ફરીયાદી તથા સાહેદોનો પુરાવો :-

(૮) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી કશનાભાઇ સોમાભાઇ વણકરના આંક-૭ ના પુરાવા મુજબ તા. ૧૯/૧૧/૨૪ ના રોજ તેઓ અને તેમની પત્ની રાતના અગીયાર વાગ્યાના અરસામા તેમનુ એકટીવા નં. જી.જે. ૧૭ બીડી ૮૦૭૬ લઇ ગોધરા થી વીજોલ જતા હતા અને વીઝોલ ગામની ડેરી પાસે પહોચતા વીજોલ ગામ તરફ થી એક ફોર વ્હીલ ગાડીવાળાએ ટકકર મારતા તેઓ પડી ગયેલા અને પડી જવાથી તેઓને શરીરે નાની મોટી ઇજાઓ થયેલ અને સામાન્ય હાથે છોલાઇ ગયેલ. તેમની પત્નીને માથામા જમણા હાથે, જમણા

પગે, પગના ધુંટણના ભાગે ગંભીર ઇજાઓ થયેલ. અકસ્માત કરનાર વાહનના ચાલક તેમનુ વાહન લઇ બનાવ સ્થળે થી ભાગી ગયેલ. અકસ્માત થતા બીજા લોકોનુ ટોળુ ભેગુ થયેલ અને ૧૦૮ મોબાઇલ વાન મારફતે સીવીલ હોસ્પિટલ ગોધરામા દવા સારવાર સારુ લાવેલા અને તેમની પત્નીને હાથે તથા પગે ફ્રેકચર થયેલ અને ઓપરેશન કરવામા આવેલ અને પાંચ દિવસ દવાખાનામા રાખેલી. બનાવની તેઓએ આંક-૮ વાળી ફરીયાદ આપેલી. અકસ્માત કરનાર વાહન ચાલક નામદાર કોર્ટમા હાજર ન હોવાનુ જણાવેલ છે. વિ.એ.પી.પી. શ્રી એ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવા માટેની મૌખિક વિનંતી ગ્રાહય રાખી ફરીયાદીને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં અકસ્માત કરનાર વાહનનો નંબર જી.જે. ૧૭ સી.ઇ. ૦૪૬૪ નો લખાવેલ છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વીંજોલ ગામની ડેરી પાસે બનેલો અને બનાવ સમયે રાતે અંધારુ હતુ અને ડેરી પાસે વળાંક છે અને સામેથી કોઇ વાહન આવે તો દેખી ન શકાય. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત થયા પછી અકસ્માત કરનાર વાહન ત્યાથી જતુ રહેલ જેથી વાહનનો નંબર કે ડ્રાઇવરને તેઓએ જોયેલ નહી અને એકટીવા પર થી પડી જવાથી તેમને ઇજાઓ થઇ હતી.અન્ય હકીકતનો ઇન્કાર કરેલ છે.

(૯) ફરીયાદ પક્ષે સાહેદ હીતાબેન કશનાભાઇ વણકર તેમના આંક-૯ ના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૯/૧૧/૨૪ ના રોજ તેઓ અને તેમના પતિ રાતના અગીયાર વાગ્યાના અરસામા તેમનુ એકટીવા નં. જી.જે. ૧૭ બીડી ૮૦૭૬ લઇ ગોધરા થી વીજોલ જતા

હતા અને વીઝોલ ગામની ડેરી પાસે પહોચતા વીજોલ ગામ તરફ થી એક ફોર વ્હીલ ગાડીવાળાએ ટકકર મારેલ. બનાવ વખતે તેઓ તેમની સાઇડ પર હતા. સામેથી આવતી ગાડી ફાસ્ટ આવતી હતી. તેમના ઘરવાળાએ રોડની સાઇડે ગટર તરફ ગાડી લઇ લેતા તેમને પાછળ થી ટકકરમાં લઇ લીધેલ.અકસ્માત થી તેમને જમણા પગે ઢીંચણ થી નીચે ફ્રેકચર છે તથા ડાબા પગે ત્રણ જગ્યાએ ઇજાઓ થઇને લોહી નીકળેલ. જમણા હાથે કાંડાના ભાગે ફ્રેકચર થઇ ગયેલ. કપાળમા નાકની ઉપર લોહી નીકળેલ તેઓને ઇજા બાદ ૧૦૮ મોબાઇલ વાન મારફતે સીવીલ હોસ્પિટલ ગોધરામા દવા સારવાર સારુ લાવેલા અને બીજા દિવસે વધુ સારવાર અર્થે રાજ ઓર્થોપેડીક લાલબાગ ગોધરા ખાતે લઇ ગયેલા. તેમના હાથ અને પગમા ઓપરેશન કરવામા આવેલ અને છ થી સાત દિવસ ત્યા રાખેલા. બનાવની ફરીયાદ તેમના પતિએ આપેલી. વાહનનો નંબર તેઓને ખબર નથી. અકસ્માત કરનાર વાહન ચાલક નામદાર કોર્ટમા હાજર ન હોવાનુ જણાવેલ છે. વિ.એ.પી.પી. શ્રી એ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવા માટેની મૌખિક વિનંતી ગ્રાહય રાખી ફરીયાદીને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા સમગ્ર ઉલટતપાસ દરમ્યાન ફરીયાદ પક્ષને સમર્થન કરતા નથી.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વીંજોલ ગામની ડેરી પાસે બનેલો અને બનાવ સમયે રાતે અંધારુ હતુ અને ડેરી પાસે વળાંક છે અને સામેથી કોઇ વાહન આવે તો દેખી ન શકાય. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ વાહનની પાછળ બેઠેલ હતા જેથી સામેથી વાહન કૈ રીતે આવેલ તે તેને ખબર નથી, અકસ્માત થયા પછી અકસ્માત કરનાર વાહન ત્યાથી જતુ રહેલ જેથી વાહનનો નંબર કે ડ્રાઇવરને તેઓએ

જોયેલ નહી અને એકટીવા પર થી પડી જવાથી તેમને ઇજાઓ થઇ હતી અને વળતર મેળવવા અરજી કરેલ છે.અન્ય હકીકતનો ઇન્કાર કરેલ છે.

(૧૦) ફરીયાદ પક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ, લક્ષ્મણભાઇ ધનાભાઇ વણકરની આંક-૧૦ ની જુબાની મુજબ આ કામના ફરીયાદીને ઓળખે છે અને તેઓ તેમના કુંટુંબી છે અને આરોપીને પણ ઓળખે છે તેઓ તેમના ગામના થાય છે. પ્રકાશભાઇ તથા કચનાભાઇને કોઇ બનાવ બનેલ હોય તે તેઓ જાણતા નથી આશરે એકાદ વર્ષ પહેલા બપોરના એક દોઢના અરસામા તેઓ ઘરેથી તેમના ખેતરમા જતા હતા તે વખતે તેમના ગામની ડેરી આગળ બે પોલીસવાળા બાઇક લઇને આવેલા અને પંચનામું કરવાનુ હોઇ સહી કરેલ હોવાનુ જણાવેલ. ત્યારબાદ એક લખેલા પંચનામામા સહી કરી હતી પંચનામું ડેરી આગળ કરેલ. આ સિવાય તેઓ કાંઇ જાણતા નથી. પંચનામું આ કામે આંક-૧૧ થી રજુ છે. વિ.એ.પી.પી. શ્રી એ પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવા માટેની મૌખિક વિનંતી ગ્રાહય રાખી પંચસાહેદને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા સમગ્ર ઉલટતપાસ દરમ્યાન પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી કરાવેલ સહી સિવાય બીજુ કાઇ જાણતા નથી.

(૧૧) ફરીયાદ પક્ષે પંચ, જશવંતભાઇ પરમાભાઇ વણકર તેમના આંક-૧૨ ના પુરાવામા જણાવેલ છે કે, આ કામના ફરીયાદીને ઓળખે છે આરોપીને ઓળખતા નથી. આશરે એકાદ વર્ષ પહેલા બપોરના એક દોઢના અરસામાં તેમના ગામની ડેરી આગળ બે પોલીસવાળા બાઇક

લઇને આવેલા જયા ફરીયાદી કશનાભાઇ હાજર હતા અને તેઓએ સદર જગ્યાએ અકસ્માત થયાનુ જણાવતા તે બાબતનુ પંચનામું કરેલ. એક જમાદાર તથા એક પોલીસવાળા હાજર હતા. અકસ્માતવાળા સ્થળે ડેરી અને ખેતરો આવેલા છે. સદર જગ્યાએ રોડ પર ટાયર ઘસાયાના નિશાન હતા. સદર પંચનામું તેમની હાજરીમા કરેલ અને બીજા પંચ લક્ષ્મણભાઇ હતા. પંચનામામા તેમની સહી ઓળખી બતાવેલ છે જે તેઓએ ડેરી આગળ કરેલી.

આરોપી તરફે લેવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી કરાવેલ સહી સિવાય બીજુ કાંઇ જાણતા નથી અને પંચનામામા શું લખેલ તેની તેમને ખબર નથી.

(૧૨) ફરીયાદ પક્ષે સાહેદ બીપીનકુમાર વાલજીભાઇ પરમારની આંક-૧૪ ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એકાદ વર્ષ પહેલા બનેલ તે સમયે તેઓ ઘરે હતા અને તેમના સસરાનો ફોન આવેલ અને અકસ્માત થયાનુ જણાવેલ અને સીવીલ હોસ્પિટલ ગોધરા હોવાનુ જણાવતા તેઓ ત્યાં ગયેલા અને તેમના સસરાએ બનાવ બાબતે જણાવેલ અને બનાવ સંદર્ભે પોલીસે તેમનુ નિવેદન લીધેલું. વિ.એ.પી.પી. શ્રી એ સાહેદને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવા માટેની મૌખિક વિનંતી ગ્રાહય રાખી સાહેદને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં અકસ્માત કરનાર વાહનનો નંબર જી.જે. ૧૭ સી.ઇ. ૦૪૬૪ નો લખાવેલ છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવ કેવી રીતે બનેલ તેની તેમને ખબર નથી.

(૧૩) ફરીયાદ પક્ષે આંક-૧૫ થી વનીતાબેન રતીલાલ પરમાર તથા આંક-૧૬ થી સાહેદ અરવિંદભાઇ પુંજાભાઇ પરમારના પુરાવા મુજબ બનાવ સમયે તેઓ ઘરે હતા અને ફરીયાદીએ તેઓને ફોન કરી બનાવ અંગે જણાવેલ અને બનાવ સંદર્ભે પોલીસે તેમનુ નિવેદન લીધેલ. વિ.એ.પી.પી. શ્રી એ સાહેદને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટતપાસ કરવા માટેની મૌખિક વિનંતી ગ્રાહય રાખી સાહેદને વિમુખ થયેલા જાહેર કરી ઉલટતપાસ માટેની પરવાનગી આપતા ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, નિવેદનમાં અકસ્માત કરનાર વાહનનો નંબર જી.જે. ૧૭ સી.ઇ. ૦૪૬૪ નો લખાવેલ છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવ કેવી રીતે બનેલ તેની તેમને ખબર નથી.

(૧૪) ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસર ડો.ધ્રુવીલ રાજબીહારી ગાંધીના આંક-૧૭ ના પુરાવા મુજબ તા. ૨૦/૧/૨૪ ના રોજ તેમની રાજ ઓર્થોપેડીક હોસ્પિટલ ખાતે હાજર હતા તે દરમ્યાન એક દર્દી ગીતાબેન વણકર ઉ.વ.-૪૫ વીંઝોલના રહેવાસીનાઓ આવેલા તેઓને ઇજા બાબતે હકીકત પુછતા તેઓએ તા. ૧૯/૧૧/૨૪ ના રાતના અગીયાર વાગે અકસ્માત થયેલાનુ જણાવેલ. ત્યારબાદ દર્દીને પ્રાથમિક તપાસ કરતા તે ભાનમા હતા તેમજ તેઓને જમણા કાંડામાં ધુંટણમા દુખાવો હતો અને મોઢા પર છોલાયેલ હતુ તેવુ જણાવેલ. તેમનુ એકસ-રે કરાવતા જમણા હાથના કાંડામા રેડીયસ અને જમણા

ધુંટણમાં ટીબીયા ફ્રેકચર હતુ અને નાકના ભાગે હાડકામા ફ્રેકચર હતુ જેથી તેઓને ત્યાં ઓપરેશન કરાવમા આવેલ તેમજ તેઓને ઇન્ડોર દર્દી તરીકે તા. ૨૦/૧૧/૨૪ થી દાખલ કરી તા. ૨૩/૧૧/૨૪ ના રોજ ડીસચાર્જ કરેલા. તેમના મત પ્રમાણે દર્દીને ગંભીર ઇજા હતી. આ ઇજા જોરથી અથડાવવાથી થઇ શકે તેવી હતી. આ ઇજા ફ્રેશ ઇજા હતી અને આ ઇજાને સાજા થતા છ માસ સુધીનો સમયગાળો લાગી શકે જો કોઇ કોમ્પ્લીકેશન ન થાય તો. આંક-૧૮ થી ઇજા પામનારનાઓનુ એમ.એલ.સી. રજુ થયેલ છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીએ હીસ્ટ્રીમાં અકસ્માત કરનાર વાહનનો નંબર લખાવેલ નથી અને દર્દી તેમને ત્યાં સારવાર માટે પોલીસ યાદી વગર આવેલા અને કોઇ વ્યકિત મોટરસાયકલ પર થી પડી જાય તો આવી ઇજાઓ થઇ શકે છે.

(૧૫) ફરીયાદ પક્ષે ત.ક.અ. રાજેન્દ્રકુમાર બળવંતસિંહ બીલવાળ તેમના આંક-૨૪ ના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૨૦/૧૧/૨૪ ના રોજ તેઓ એ.એસ.આઇ.તરીકે ગો.તા.પો.સ્ટે.મા ફરજ બજાવતા હતા તે વખતે તેઓને આ ગુનાની તપાસ સોપતા તપાસના કામે સાહેદોના નિવેદન નોંધેલ, પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અકસ્માતમા સંડોવાયેલ વાહન નં. જી.જે.૧૭ સીઇ ૪૬૬ ના ચાલકની તપાસ કરવા ઇ-ગુજકોપમા સર્ચ કરતા માલીક તરીકે પ્રકાશકુમાર દશરથસિંહ રાઠોડનાઓનુ નામ આવતા તેઓને નોટીસ મોકલતા તેઓ પોલીસ સ્ટેશનમા હાજર થયેલા અને બનાવ અંગેની પુછપરછ કરતા ગુન્હામા સંડોવાયેલ હોવનુ જણાતા તેની કાયદેસરની ધરપકડ કરેલ અને તેમની પાસેથી મોટરસાયકલના તમામ પુરાવા મેળવી ગુન્હાના કામે સાથે રાખી આરોપી પાસે ડ્રાયવીંગ

લાઇસન્સ ન હોવાથી તે અંગે કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ અને ઘરપકડની કાર્યવાહી પુર્ણ કરી યોગય જામીન રજુ કરતા જામીન મુકત કરેલ અને એમ.એલ.સી. મેળવી ગુન્હાના કામે સામેલ રાખેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા વિઝોંલ ગામ તરફ જવાના રોડ ઉપર આવેલ છે અને સદર બનાવવાળી જગ્યાએ વળાંક છે અને સદર બનાવ રાત્રીના અગીયાર કલાકે બનેલ છે. બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે અને ફરીયાદ તથા સાહેદોના નિવેદનોમાં આરોપીના નામ જણાવેલ નથી અન્ય હકીકતોનો ઇન્કાર કરેલ છે.

(૧૬) ફરીયાદ પક્ષે રજુ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં સદર કામે ફરીયાદ પક્ષે ફરીયાદી તથા સાહેદોની જુબાની મુજબ અકસ્માતનો બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તેઓના પુરાવાથી અકસ્માત કરનાર વાહન બનાવ સમયે આ કામના આરોપીને વાહન હંકારતા જોયેલ હોય અને આરોપીના બેદરકારી તથા ગફલતભરી રીતે વાહન હંકારવાના કારણસર આ અકસ્માતનો બનાવ બનેલો હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ ફરીયાદી તથા સાહેદના પુરાવાથી અકસ્માત થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે પરંતુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન આ કામના આરોપી હંકારતા હતા અને તેઓના ગફલતભરી રીતે અથવા તો બેફીકરાઇ થી વાહન હંકારવાના કારણસર અકસ્માત થયેલ છે તેવી હકીકત પુરવાર થતી નથી. હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદે અકસ્માતના બનાવની જે હકીકતો જાહેર કરેલ છે તે પી.એસ.ઓ.એ તેમની રૂબરૂ

લખવામા આવેલ ફરીયાદ હકીકત છે. પરંતુ આ કામના આરોપીએ અકસ્માતમાં સંડોવાયેલ વાહન પુરઝડપે અને બેદરકારી ભરી રીતે ચલાવેલ હોય તેવી કોઇ હકીકત તેઓના પુરાવામાં જાહેર કરેલ નથી.

આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં બનાવના દિવસે સમયે અને સ્થળ અંગે કોઇ વિવાદ નથી. પરંતુ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવાને ધ્યાનમાં લેતાં બનાવના દિવસે, સમયે અને સ્થળે અકસ્માતમાં સંડોવાયેલ વાહન આ કામના આરોપી હંકારતા હતા અને તેઓના ગફલતભરી રીતે અથવા તો બેફીકરાઇ થી વાહન હંકારવાના કારણસર અકસ્માત થયેલ છે તેવી હકીકત ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાથી પુરવાર થતી નથી.

આ કામે આરોપી સામે એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર કલમ ૧૮૪ અન્વયે એમ.વી.એકટની કલમ ૨૦૯- દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણ-ની આદેશાત્મક જોગવાઇઓનું જયારે પાલન થયેલું હોય ત્યારે જ કલમ ૧૮૪ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. એમ.વી.એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઇ ધ્યાને લેતાં આરોપીને ઉપરોકત ગુના સબબ ગુનો થયા બાદ ચેતવણી આપવામાં આવેલી હોય કે તપાસ પુર્ણ થયા બાદ તેઓની સામે ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરવામાં આવશે અથવા તો ગુનો બન્યાનાં ૧૪ દિવસની અંદર સદર કલમ અન્વયેની નોટીસ ગુનો બન્યાનો પ્રકાર, સમય સ્થળ અને જે જગ્યાએ ગુનો બન્યો હોય તે તમામ વિગત જણાવતી નોટીસ આરોપીને અથવા તો જેનાં નામ ઉપર સંડોવાયેલ વાહન રજીસ્ટર થયેલું હોય તેને જાતે અથવા તો રજી.પોષ્ટ મારફતે બજવણી કરવામાં આવેલી હોવી જોઇએ અથવા ગુનો બન્યાનાં ૨૮ દિવસની અંદર સદર

ગુનાનો સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલી હોવી જોઇએ. હાલનાં કેસમાં ઉપરોકત આદેશાત્મક જોગવાઇનું પાલન થયેલ હોવાનું જણાતું ન હોય ત્યારે આરોપીને એમ.વી.એકટની કલમ ૧૮૪ મુજબનાં ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૭) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવો ધ્યાનમાં લેતાં આ કામના આરોપીએ બનાવ તારીખ, સમય અને સ્થળે આ કામના ફરીયાદી તથા તેમની પત્ની ગીતાબેન તેમની એકટીવા નં.જી.જે.૧૭ બીડી ૮૦૭૬ ઉપર બેસી ગોધરા થી વિઝોલ ગામે જતા તે દરમ્યાન વિઝોલ ગામની ડેરી પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની ગાડી નં. જી.જે.૧૭ સી ઇ ૦૪૬૬ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી અકસ્માત કરી સાહેદ ગીતાબેનનાઓને માથાના ભાગે ઇજા તેમજ નાકની અંદર ફ્રેકચર તેમજ જમણા હાથના કાંડાના ભાગે તથા જમણા પગના ઢીંચણના નીચેના ભાગે ફ્રેકચર કરી તથા શરીરે નાની મોટી ઇજા કરી તથા ફરીયાદીને સામાન્ય ઇજા પહોંચાડી પોતાનુ વાહન લઇ નાસી જઇ બી.એન.એસ. ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧, તથા એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબનો ગુનો કરેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષ તરફ થી શંકારહીત પુરવાર થતી ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી પ્રકાશકુમાર ઉર્ફે ભયલુ દશરથસિંહ રાઠોડ,રહે. વિંઝોલ, ગોધરાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧, તથા એમ.વી.એકટની કલમ ૧૮૪, ૧૮૭, ૧૮૧, ૧૭૭, ૩ મુજબના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા. ૫,૦૦૦/- ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવા.

હુકમ આજ તા.૧૬, માહે- એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૪/૨૦૨૬
ગોધરા.

(આરાધના આર.યાદવ)
બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.
ગોધરા, જિ.પંચમહાલ.
કોડ નં. જીજે.૦૧૬૭૨

(આર.એ.શર્મા)